વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ ડિસેમ્બર, ૨૦૨૨
● વર્ષ : ૪૭ ● અંક : ૧૨









 (૧–૩) નૂતન વર્ષે વાસણા તથા ભક્તિનિવાસ, ગાંધીનગર ખાતે અનુક્રમે આશીર્વાદ સભા તથા અન્નકૂટ આરતીનો લાભ આપતા ગુરુજી

# અનુક્રમણિકા












04 દિવ્યવાણી

06 જ્ઞાનસત્ર ૧૬

18 Youth Convention

31 ચાતુર્માસ પારાયણ

34 અન્નકૂટોત્સવ



ઘનશ્યામ

SMVS

૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ ● વર્ષ : ૪૭ ● અંક : ૧૨

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

મુદ્રક: સાધુ પૂર્ણસ્વરૂપદાસ

મુદ્રણ: વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

સહતંત્રી: સાધુ રાજીપાસ્વરૂપદાસ

લેખનકાર્ય: લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,

કોબા-ગાંધીનગર હાઈવે,ગાંધીનગર-૭

Visit : www.smvs.org l

Email : magazine@in.smvs.org




કુલ પેજ : ૪૦ + ૪ ટાઈટલ = ૪૪

# દિવ્યવાણી

**તા. ૨૮-૧૦-૨૦૨૨ની ગુરુજીની**
**જ્ઞાનસત્ર-૧૬ની પ્રાતઃ સભામાંથી સંકલિત**

અનંતાનંત જીવોને પોતાની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી, અનાદિમુક્તની સ્થિતિ પમાડવાનું લક્ષ્ય લઈ મહારાજ આ બ્રહ્માંડમાં પધાર્યા. મોટાપુરુષ પણ આ જ સંકલ્પથી આવ્યા છે અને આપણને સૌને પણ આના માટે જ લાવ્યા છે. કારણ સત્સંગમાં અનાદિમુક્તની પ્રાપ્તિ તો સાવ સહજ છે. પરંતુ હવે અનંતને અનાદિમુક્તની સ્થિતિ પમાડી મૂર્તિસુખ આપવાનો મહારાજનો સંકલ્પ છે. એટલે કીર્તનમાં કહ્યું છે કે,

"મૂર્તિમાં રાખવાનું બિરદ,
શ્રીજીનું ખાસ જણાય."



જ્ઞાનસત્રનો પ્રારંભ કરવાનો પણ આ જ હેતુ છે ત્યારે મૂર્તિસુખ પામવાની પાત્રતા દિન-પ્રતિદિન વધતી જાય એ માટેનો પ્રથમ ઉપાય છે :

## અધરપધર વૃત્તિઓનો ત્યાગ કરવો

સદ્. વૃંદાવનદાસજી સ્વામીની ૮૩મી વાતમાં કહ્યું છે કે, "સત્સંગમાં કેટલાક કહે છે કે અમને સુખ નથી આવતું. તેનું શું કારણ ? તો એ સત્સંગ કરે છે પણ વૃત્તિ અધરપધર રાખે છે. માટે જ્યાં સુધી વૃત્તિ સ્થિર થાય નહિ ત્યાં સુધી સુખ આવે નહિ અને વૃત્તિ જ્યાં ત્યાં ફર્યા કરે; એ તો વાંદરાના સ્વભાવ જેવું છે. માટે એવા સ્વભાવ ટાળવા સારુ પોતાને પુરુષપ્રયત્ન કરવો જોઈએ."

આપણા સૌની વર્ષોથી ફરિયાદ છે કે, 'મૂર્તિ મળી છે પરંતુ મૂર્તિનું સુખ નથી આવતું તેનું શું કારણ ?' તો તેનું કારણ સદ્. વૃંદાવનબાપા જણાવે છે કે હજુ આપણી વૃત્તિઓ અધરપધર રહે છે.

અધરપધર વૃત્તિ એટલે શું ? તો ચોજાળી વૃત્તિ, બહારવૃત્તિ. બીજા શબ્દોમાં કહીએ તો રખડેલ વૃત્તિ, ઇન્દ્રિયોની અસંયમતા. આ અસંયમતા જ આપણને સુખના અનુભવથી છેટા રાખે છે. આપણી આંખો ક્યાંય ભમતી હોય, આપણું મન ક્યાંય ભમતું હોય, આપણી કાનની વૃત્તિ ક્યાંય ભમતી હોય. તેના કારણે મહારાજના આગ્રહો અને અભિપ્રાયોને સંપૂર્ણતઃ ઝીલી શકાતા નથી. માટે સત્સંગમાં આવી સૌપ્રથમ આપણી વૃત્તિઓને શાંત અને સ્થિર કરીએ. જાણપણું, સાવધાની, ખટકો રાખીએ તો આવા સ્વભાવો ટળતા જાય.

જેને મૂર્તિમાં સ્થિર થવું હોય તેણે હાયવોય, ઉદ્ઘોષ, પ્રવૃત્તિ, ધંધો, વ્યવહાર, સત્સંગની પ્રવૃત્તિ બધું ભૂલી જવું પડે. જેટલું ભુલાશે એટલા મૂર્તિમાં સ્થિર થવાશે. આ પૂર્વશરત છે. સમજણે કરીને બધું સળગાવી દેવું. મોટા સંતો કહેતા, "મરતા શીખો." અર્થાત્ જેમ કોઈ વ્યક્તિ ધામમાં જાય પછી તેને શું સાંભરે ? કાંઈ નહીં. એમ મૂર્તિમાં સ્થિર થવા માટે બધું જ્ઞાને કરીને સળગાવતા–ભૂલતા શીખવું. નથી ઘર, નથી કુટુંબ, નથી પરિવાર, નથી ધંધો. બસ, 'હું ને મારો ઠાકોર, જગત બધું કાણું. મને રાખ્યો મૂર્તિમાં અને આવ્યું સુખ ભોગવવાનું ટાણું.' હું એટલે આત્મા–અનાદિમુક્ત. મને મૂર્તિમાં જ રાખ્યો છે. બસ, હવે મારા માટે મહારાજ સિવાય કોઈ નથી. બાકીનું બધું સળગાવી દેવું, ભૂલી જવું એ અધરપધર વૃત્તિ ટળી કહેવાય.

અમદાવાદના બીજા વચનામૃતમાં મહારાજે તેને જ્ઞાનપ્રલય કહ્યો છે. જ્ઞાનપ્રલય એટલે પિંડ અને બ્રહ્માંડ કહેતાં અવરભાવમાત્રનો જ્ઞાને કરીને પ્રલય કરવો. કશું છે જ નહીં. જેટલો

**જ્ઞાનપ્રલય એટલે અવરભાવમાત્રની વિસ્મૃતિ.**

અવરભાવનો પ્રલય થશે એટલું જ મહારાજ સાથે જોડાણ થશે.

આ તો આપણે 'બહુ સારો સભામંડપ બાંધ્યો છે હોં ! બહુ સારી લાઇટિંગ કરી છે હોં !' આ બધું જોયા કરીએ છીએ. આ બધો ઝાકમઝોળ બહારનો છે. આપણે ચૈતન્યને ઝળળ ઝળળ પ્રકાશમાન કરવાનો છે. મૂર્તિરૂપ કરી મૂર્તિનો સુખભોક્તા કરવાનો છે ત્યારે આ બધી પંચાત છોડી બધું ભૂલવું પડશે.

એક વાર બોટાદના શિવલાલ શેઠને તેમના પિતાશ્રી ભગા શેઠે પૂછ્યું, "બેટા શિવલાલ ! તું રોજ બે-ત્રણ કલાક આંખ મીંચીને ધ્યાન કરી શકે છે. હું તો અડધો કલાક પણ આંખ બંધ કરી ધ્યાનમાં બેસી શકતો નથી. તું આવું કરી શકે છે એનું રહસ્ય શું ?" ત્યારે શિવલાલભાઈ આ જ રહસ્ય બતાવે છે કે, "બાપુજી, હું જ્યારે ધ્યાન કરવા બેસું ત્યારે આખું બોટાદ શહેર સળગાવું છું. પછી આપણી પેઢી સળગાવું છું. પછી આપણી શેરીને સળગાવું છું. પછી આપણા ઘરને સળગાવું છું. પછી બાપા, તમને પણ સળગાવી દઉં છું. અને પછી હું મારા દેહને પણ સળગાવી દઉં છું. એટલે મહારાજની મૂર્તિમાં સ્થિર થઈ જવાય છે."

પ્રશ્ન થાય કે સમજણે કરીને સળગાવવું કેવી રીતે ? એક નાનકડાં દૃષ્ટાંત દ્વારા સમજીએ. આપણે જ્યારે નિરાંતની ઊંઘ જોઈતી હોય ત્યારે શું શું કરીએ છીએ ? તો મોબાઇલ બાજુમાં મૂકી દઈએ છીએ. ધંધા-રોજગારને ભૂલી જઈએ છીએ. તમામ વિચારો બંધ કરી દઈએ છીએ. આંખો બંધ કરી દઈએ છીએ. સાંભળવાનું બંધ કરી દઈએ છીએ. આમ, તમામ અધરપધર વૃત્તિઓને શાંત કરી દઈએ ત્યારે આરામ થાય છે. તો આપણે માત્ર આરામ નથી કરવાનો, મૂર્તિમાં વિરામ પામવાનો છે ત્યારે તમામ વૃત્તિઓને કેટલી શાંત કરવી જોઈશે !

એ માટે સળગાવતા શીખવું ફરજિયાત છે. શિવલાલ શેઠ દ્વારા મહારાજ આપણને સળગાવતા શીખવી રહ્યા છે. જ્ઞાને કરીને અજ્ઞાનને ટાળી નાખવું. જે ખોટું છે, નાશંવત છે તેને ભૂલી જવું એ સળગાવ્યું કહેવાય. જેમ શિવલાલ શેઠ મહારાજમાં જોડાવા માટે પહેલાં તેમાં વિઘ્ન કરનાર તમામ સ્થળ, સ્થાન, વ્યક્તિને જ્ઞાને કરીને સળગાવી દેતા તેમ આપણે પણ મહારાજમાં જોડાવા માટે આ રીત શીખવી જોઈએ. આ માટે સૌપ્રથમ બહિર્મુખતા છોડી અંતર્મુખતા કેળવવી પડે. અંતર્મુખતા એટલે હું ને મારો ઠાકોર. આ સિવાય બીજું કશું જ નહીં. હું ને મહારાજ બે જ. મને મૂર્તિમાં રાખ્યો છે. હવે દેહના સ્થાને મહારાજ આવીને બિરાજી ગયા છે. મહારાજની આ મૂર્તિમાં અનંત મુક્તો રહેલા છે.

સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી, સદ્. ગુણાતીતાનંદ સ્વામી, આપણા નિર્ગુણબાપા, ઈશ્વરબાપા અને ગુરુદેવ પ.પૂ. બાપજી આ જ મૂર્તિમાં રહ્યા છે. એમની સાથે મોજો માણવી.

જેને આવી રીતે મૂર્તિમાં રહેતા આવડ્યું એની સર્વે ક્રિયાના કર્તા મહારાજ બની જાય. ત્યારે બધેથી વૃત્તિઓનો સંકેલો કરી મહારાજની મૂર્તિમાં સ્થિર થઈએ એ જ આપણું અનાદિમુક્ત તરીકેનું મુખ્ય કર્તવ્ય છે. આપણા કર્તવ્યને નિરંતર લક્ષ્યમાં રાખી અનાદિમુક્તની સ્થિતિ માટે યત્નશીલ રહી શકીએ એ જ મહાપ્રભુના ચરણોમાં પ્રાર્થના.



સ્મૃતિ રાખવી સહેલી છે; વિસ્મૃતિ કરવી કઠિન છે.



# જ્ઞાનસત્ર ૧૬

ભગવાન સ્વામિનારાયણના સંકલ્પે, ગુરુદેવ પ.પૂ. બાપજીની પરિકલ્પનાએ તથા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના માતૃવાત્સલ્ય ખોળે તા. ૨૮–૧૦–૨૦૨૨થી તા. ૧–૧૧–૨૦૨૨ દરમ્યાન પંચ–દિવસીય જ્ઞાનસત્ર–૧૬ સ્વામિનારાયણ ધામની સંકલ્પભૂમિ પર દિવ્ય સુખસિંધુ સમું ઊજવાઈ ગયું. અજ્ઞાન તરફથી જ્ઞાન (મૂર્તિ) તરફ પ્રયાણ કરાવતું સત્ર એટલે જ્ઞાનસત્ર. આ જ્ઞાનસત્રમાં દેશ–પરદેશના હજારો હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન માધ્યમથી જ્ઞાન, ધ્યાન અને દિવ્ય કથામૃતના દિવ્યાનંદને માણ્યો હતો.


“મુઝે કૌન મિલા હૈ ? ઔર કૈસા કિયા હૈ ?” ગુરુદેવ પ.પૂ. બાપજીનું પ્રસાદીભૂત મહિમા વચન જ્ઞાનસત્ર–૧૬નું થીમસૂત્ર હતું. આ મહિમા વચન કેન્દ્રસ્થાને રાખીને ગુરુજીએ સૌને ‘મોજ’ કરતા કરી દીધા હતા.

શ્રીજીમહારાજનો મહિમા, એમની કરુણાનું ગાન, પ્રાર્થનાનું મહત્ત્વ, અનાદિમુક્તનું જ્ઞાન અને ધ્યાન આદિક વિષયો સ્વજીવનમાં ચરિતાર્થ કરવા ઊજવાયેલ મહા પાઠશાળા સમા જ્ઞાનસત્રએ મુમુક્ષુઓને કેવી રીતે જાગૃતતા અપાવી ? કેવા કેવા કાર્યક્રમો થયા ? કોના કોના દ્વારા માણવા મળ્યા ? તે જાણવા અને તેની અનુપમ ક્ષણોને ઘેર બેઠા માણવા આવો, તેનું દૃશ્ય–શબ્દચિત્રથી આચમન કરીએ...




જ્ઞાનસત્રમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના અમૃત આશિષનો લાભ સૌ સત્સંગ સમાજને મળ્યો હતો : “મહારાજના ને મોટાપુરુષના રાજીપાથી સ્વભાવ, વાસના અને દોષો ટળે અને મહારાજની મૂર્તિમાં જોડાવાય પણ ખરું. લોન કે સબસિડી વગર મોટી જી.આઈ.ડી.સી. ન ચલાવી શકે. લોન ને સબસિડી પર મોટા પ્રૉજેક્ટ ચાલે છે. એમ મુક્તો, અનંત જન્મનાં બંધનો, ઇચ્છા, વાસના, તન, મન, ધન ને જનનાં અનંત દુ:ખો રહેલાં છે. આ બધાં મહારાજના તથા મહારાજને મળેલાના રાજીપાથી દૂર થાય છે, ટળે છે... મહારાજની અનહદ કૃપા થાય છે. ત્યારે મહારાજને પ્રાર્થના કે સૌના પર દયા કરો... મૂર્તિનું સુખ આપો...” આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીના અમૃત વચનોએ સૌને કેવળ કરુણાની હેલી રૂપે શીતળ–શાંત–સ્થિર કર્યા હતા.







# ધ્યાન ચિંતન



જ્ઞાનસત્રનો મંગલ પ્રારંભ બ્રહ્મભીના પ્રાતઃ સમયે મંગળા આરતીથી થતો હતો. ત્યારબાદ મૂર્તિરૂપ લટકે માળા બાદ નિત્ય સવારે ૮ વાગ્યે મૂર્તિસુખના અધિકારી થવાની પાત્રતા વધારવા માટે પ્રાર્થના તથા ધ્યાનનું મહત્ત્વ, શ્રીજીમહારાજના સ્વરૂપનો મહિમા, હું કોણ છું ? અને મને કેવો કર્યો છે ?, જીવાત્માની શૂનકાર અવસ્થાનાં કારણો તથા ઉપાયો આદિક સ્થિતિ માટેનાં આધ્યાત્મિક સોપાન પર વચનામૃત તથા સ્વરચિત કીર્તનો આધારે પાંચેય દિવસ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અનાદિમુક્તની સ્થિતિને સહજ રીતે સ્વજીવનમાં પામવા માટે લટકીય પ્રાયોગિક જ્ઞાન સાથે અનુભવજ્ઞાનની શીળી લહેરોની અનુભૂતિ કરાવી હતી. આ સત્રનો રોજ ૭,૦૦૦થી વધુ મુમુક્ષુઓ પ્રત્યક્ષ લાભ લેતા તથા ૧,૬૭,૭૯૪થી વધુ હરિભક્તો ઑનલાઇન માધ્યમથી લાભ લેતા હતા.

# ગુરુજીની કૃપા સરવાણી





જ્ઞાનસત્ર–૧૬માં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની મીઠી મધુરી કૃપા સરવાણીમાં હજારો નવા–જૂના, દેશ–વિદેશના હરિભક્તો ભીંજાયા. ગુરુજીની કૃપાલહાણીએ જ્ઞાનસત્રના લાભાર્થીઓના આતમ દીપો પ્રજ્વળી રહ્યા. સૌ કોઈ આ ક્ષણે દેહભાવ ભૂલી મૂર્તિભાવમાં અલમસ્ત બન્યા. ગુરુજીએ કારણ સત્સંગના ઠેઠના ઉત્તમ જ્ઞાનને સાવ શીરાની પેઠે ગળે ઉતરાવી દીધું. સાજા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ને કારણ સત્સંગમાં પણ વર્તમાનકાળે એકમાત્ર અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તક એવા ગુરુજીએ પાત્રતા કેળવવાની સાવ સરળ હાથવગી ચાવીઓ સદૃષ્ટાંત અને પ્રાયોગિક રીતે શીખવી હતી.

અનાદિમુક્તનો સમાજ ઘડવા માટે આ દિવ્યપુરુષ દેહ તણી તમા ન રાખતાં અખંડ વરસતા. એમને એક તડપન રહેતી : ‘સૌનાં આવરણ ટાળવાની, બાળવાની ને સૌને સુખમય મૂર્તિમાં રાખવાની.’ આ માટે પોતે અવરભાવમાં ૬૪ વર્ષની ઉંમરે પણ દેહની સામે જોયું નથી. એ અખંડ મૂર્તિમાં મહાલતું દિવ્ય સ્વરૂપ હોવા છતાંય નિરંતર દાસત્વની સર્વોચ્ચ ભૂમિકાનું દર્શન તેમનામાં સાવ સહજ રીતે સૌને થતું. પ્રાતઃ કાળે ૮ વાગે પ્રારંભાતું સત્ર મધ્યાહ્‌ને ૧૧:૩૦ વાગે માંડ માંડ વિરમતું. ત્યારબાદ ગ્રૂપસભામાં લાભ શરૂ થતો. જે ૧:૩૦ વાગે વિરમતો. વળી આ દિવ્યપુરુષ સંધ્યા સમયે ૪થી ૫ વાગ્યા દરમ્યાન દર્શન વિભાગમાં દર્શનનો લાભ આપતા. ત્યાંથી સીધા સભામંડપમાં પધારતા તો છેક રાત્રે ૯ વાગ્યા સુધી આ દિવ્યપુરુષ એક આસને બિરાજી સૌને સુખિયા કરતા. આમ, તેઓની અખંડ અલંચ વહેતી સ્નેહલ કરુણાવાણી વર્ષામાં મુમુક્ષુઓ પિપાસા છિપાવી, આનંદ–શાંતિમાં મસ્ત બનતા. આમ, આવી આગ્રહમૂર્તિ કેવળ ને કેવળ કૃપાથી સૌને આકર્ષી સુખિયા કરતી.




# બાળ શિબિર









જ્ઞાનસત્ર–૧૬ અન્વયે બાળ સમાજમાં આધ્યાત્મિકતાનો સંચાર થાય તે માટેનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં. કુલ બે વિભાગમાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસાતું હતું. બાળ શિબિરમાં **Be ideal** થીમ આધારિત આદર્શજીવનના પાઠ તમામ વર્ગના બાળકોને શીખવવામાં આવતા હતા. વળી, એસ.એમ.વી.એસ. માટે અને ગુરુજી માટે હોમાઈ જવાના સંકલ્પથી જીવતા બાળમુક્તોને **SBS** સભામાં આધ્યાત્મિકતાની દૃઢતાના પાઠ શીખવવામાં આવતા હતા. સંત પ્રવચન, ઍક્ટિવિટી, વિવિધતા, માનસીપૂજા, દર્શન–પ્રસાદ આદિ કાર્યક્રમોની શૃંખલાથી સજ્જ બંને સભાઓ બાળ–બાલિકાના વિકાસ માટે ગમ્મત સાથે અધ્યાત્મ જ્ઞાનની પર્યાયી બની રહેતી હતી.

તા. ૩૦–૧૦–૨૦૨૨ના રોજ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી બાળ શિબિરમાં પધાર્યા હતા. જેમાં બાળકોને એમની સાથે નિકટ રહી ગુરુવંદના કરવાનો અનન્ય લહાવો મળ્યો હતો. તો વળી, બાલિકા શિબિરમાં વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેન પધાર્યાં હતાં. આમ, બાળ–બાલિકા શિબિરમાં ત્રણ દિવસ દરમ્યાન દરરોજ સરેરાશ ૧,૬૨૧ જેટલા

# કિશોર સભા










બાળકો તથા બાલિકાઓએ હાજર રહી દિવ્યજીવન ઘડતરનો અદ્વિતીય લાભ મેળવ્યો હતો. SBSના બાળમુક્તોના વાલીઓની પેરેન્ટ્સ મિટિંગનું આયોજન તા. ૩૧–૧૦–૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને પૂ. રાજીપાસ્વામીએ બાળકોના ઘડતર માટે જાગૃત કર્યા હતા.

**કિશોર સભા :**

તા. ૨૮–૧૧–૨૦૨૨ના રોજ મધ્યાહ્ન સમયે ૧૫થી ૨૫ વર્ષના કિશોરો માટે કિશોર સભાનું આયોજન ગુરુજીની દિવ્ય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ સભામાં ગુરુજીનું વાક્ય ગુંજતું થયું હતું : “કિશોરો અમારું હૃદય છે.” પૂ. સંતોના પ્રાસંગિક પ્રવચન બાદ ગુરુજીએ સૌને અમૃત વીરડી સમી સરવાણીમાં ભીંજવતાં કહ્યું, “અમારે આપને વ્હાલા કરીને મોટાના ગુણો દૃઢ કરાવવા છે. અમારે આપને મહારાજ તથા તેમના મુક્તોના વ્હાલા કરવા છે... તમે તમારા સામું ન જોશો, તમે અમારા સામું જોજો...” ત્યારબાદ પૂ. સંતોએ કિશોરોને SKS તથા SSP પ્રૉજેક્ટ વિષે માહિતી આપી, દિવ્યજીવનનો રાહ ચીંધ્યો હતો.









**વિશિષ્ટ કાર્યક્રમો :** એસ.એમ.વી.એસ.ના સર્વે હરિભક્ત સમાજ માટે મહાત્મ્યના મહાસાગરમાં ડૂબકી લગાવવાનો અવસર એટલે વિશિષ્ટ કાર્યક્રમો. જ્ઞાનસત્ર-૧૬ દરમ્યાન પિરસણ લીલા, સંત ભેટણ લીલા તથા સંત ભોજન દર્શનમ્ જેવા દિવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૯-૧૧-૨૨ ના રોજ યોજાયેલ સંત ભેટણ લીલાના પ્રારંભે વ્હાલા ગુરુજીએ સંતો-હરિભક્તોને બે બે દંડવત્ પ્રણામ કર્યા તેમજ દિવ્યભાવે દર્શન કરી સૌને અહોભાવમાં ડુબાડ્યા. ગુરુજી સંતોને માતૃવાત્સલ્યતાથી બોલાવતા, ભેટતા, વ્હાલથી સ્વહસ્તે સંતોના મુખમાં પેંડાની પ્રસાદી મૂકતા અને પછી તેઓ નમીને ચરણસ્પર્શ કરતા. આ રીતે તેમણે સંસ્થાના તમામ સંતો-પાર્ષદોને લાભ આપી સુખિયા કર્યા હતા. આ સ્મૃતિને વધુ સુદૃઢતા અપાવવા ગુરુજીએ સંસ્થાના તમામ સંતોને આશિષ આપતી સમૂહ છબી પ્રદાન કરી, કારણ સત્સંગની સંત પરંપરાનું સુખદ સંભારણું દૃઢ કરાવ્યું.

એ જ રીતે, તા. ૨૮-૧૦-૨૨ રોજ જ્ઞાનસત્રમાં પધારેલ સર્વે હરિભક્તોને પૂ. સંતો દ્વારા પિરસણ લીલાનો લાભ મળ્યો હતો. તથા તા. ૧-૧૧-૨૨ના રોજ જ્ઞાનસત્રના અંતિમ ચરણે ૨૮,૫૨૮થી વધુ હરિભક્તોને શ્રીજીમહારાજના વખતથી ચાલી આવતી પરંપરાને અનુસરતા ને મૂર્તિ ધારી ઠાકોરજી જમાડતા સંતપંક્તિનાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન માધ્યમ દ્વારા અપૂર્વ દર્શન થયાં હતાં.
















**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શન–આશીર્વાદ વિભાગ :** જ્ઞાનસત્ર–૧૬ દરમ્યાન નવા મુમુક્ષુઓ તથા સત્સંગીઓને દર્શન–આશીર્વાદનો અનન્ય લાભ આપવા માટે ‘ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શન–આશીર્વાદ વિભાગ’ની રચના કરવામાં આવી હતી. આ વિભાગમાં દિવસ દરમ્યાન સવારે ૬:૩૦થી ૭:૩૦ તથા સાંજે ૪થી ૫ વાગ્યા સુધી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી નવા મુમુક્ષુઓને દર્શન–આશીર્વાદ આપવા બિરાજતા હતા. આ વિભાગમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની કૃપાથી હજારો નવા મુમુક્ષુઓ નિર્વ્યસની તથા સત્સંગી બન્યા હતા. આમ, આ વિભાગનો પાંચ દિવસમાં રોજના સરેરાશ ૩,૦૦૦થી વધુ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. એ જ રીતે, સંધ્યા સત્રના અંતે ગુરુજી સંસ્થાના વિવિધ ઝોનના પ્રત્યેક મુક્તોને નિકટ દર્શન આપી તેમજ સ્વહસ્તે પ્રસાદી આપી સુખિયા કરતા હતા. આ દરમ્યાન ગુરુજી રોજ દોઢ કલાકથી વધુ બેસતા. પ્રત્યેક મુક્તોને પ્રસાદ આપતાં આપતાં તેઓ સૌ મુક્તોનું સ્પર્શથી સેવન કરી પાત્ર કરતા હતા. આમ, તેમણે ૬,૦૦૦થી વધુ મુક્તોને પ્રસાદ આપી ધન્ય કર્યા હતા.

**મુક્તિ પ્રસાદ :** જ્ઞાનસત્રના અંતિમ દિને અંતિમ સત્રમાં ગુરુજીએ સંકલ્પમૂર્તિ અબજીબાપાશ્રીની સુખ દેવાની અર્થાત્ સુખડી આપવાની પરંપરાનું વહન કર્યું હતું. ગુરુજીએ સુખડી પર સ્વહસ્ત મૂકી એને પ્રસાદીની કરી, મુક્તિના–મૂર્તિસુખના સંકલ્પો વહાવ્યા હતા : **“આજે સર્વે સુખડીનો પ્રસાદ લેજો... બાપા જગનમાં સુખડીનો પ્રસાદ આપી મૂર્તિસુખના અધિકારી કરતા તેમ આજે એ જ બાપાના સંકલ્પે આ પ્રસાદી જે લેશે તેનું પૂરું, પૂરું...”**





**ગ્રૂપ સભાઓ :**

**જ્ઞાનસત્રમાં તા. ૨૮-૧૦-૨૦૨૨થી તા. ૩૦-૧૦-૨૦૨૨ એમ ત્રણ દિવસ દ્વિતીય સત્રમાં પૂ. સંતોના સાંનિધ્યમાં ગ્રૂપ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Pre-AYP, AYP, Pre-Mumuxu, મોટેરા હરિભક્તો, NRI હરિભક્તો, કિશોરમુક્તો તથા જનરલ હરિભક્તો એ મુજબના વર્ગનાને પ્રાતઃ સભા આધારિત પૂ. સંતો દ્વારા લાભ મળતો હતો. આ જ રીતે મહિલા વિભાગમાં પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા લાભ મળતો હતો. આ ગ્રૂપ સભાઓમાં દરરોજ આશરે ૪૦૦૦થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો.**









**જ્ઞાનસત્ર સેવા સમિતિ :**

જ્ઞાનસત્ર-૧૬માં સ્વામિનારાયણ ધામ તથા સંસ્થાના મંદિરોમાં રહેલ સંતો-પાર્ષદો, સમર્પિત મુક્તો તથા સંસ્થાના તમામ ઝોનના સત્સંગ કેન્દ્રના હરિભક્તોએ રાત-દિન યોગદાન આપી એને સાર્થક બનાવ્યું હતું. આખા જ્ઞાનસત્રનું મુખ્ય સંયોજન કરનાર તથા અન્ય નાની-મોટી સેવા-જવાબદારી સંભાળનાર સર્વે પૂ. સંતો તથા પાર્ષદમુક્તો અને સર્વે એસ.ટી.કે. તથા છાત્રાલયના મુક્તો તથા સમગ્ર ત્યાગી મહિલા સમાજ તથા સેવામાં જોડાયેલ મહિલા હરિભક્તો પર ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અંતરના આશિષ વરસાવ્યા હતા.

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પાનુસાર, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં જ્ઞાનસત્ર મૂર્તિભાવ દૃઢ કરવા ઊજવાઈ ગયું અને હજારો મુમુક્ષુઓ દિવ્યજીવન જીવવા માટે વર્તનક્ષમ-અનુભવક્ષમ બનવા કૃતનિશ્ચયી થયા.

**સ્વાનુભવ દર્શન :**

પાંચમા દિને એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ-વિદેશના વિવિધ સત્સંગ કેન્દ્રોના સંતો-હરિભક્તોને સ્વજીવનની અનુભવગાથા સ્વમુખે કહેવાની અણમોલ તક મળી હતી. જેને ૫,૭૭૩થી વધુ મુમુક્ષુઓએ માણી હતી.

# Youth Convention

સપના, સાહસ અને સંસ્કાર ત્રણેયનો સુમેળ સાધી વિશ્વના ફલક સુધી પોતાની મહત્ત્વાકાંક્ષાઓ વિસ્તારતી અવસ્થા એટલે યુવાવસ્થા. કહેવાય છે કે, ‘સુકાની વગરની નાવની શું કિંમત ?’ ‘છોડને જેમ વાળીએ તેમ વળે’ એ ન્યાયે આ યુવાવસ્થાને કોઈ દિશા આપનારું મળી જાય તો જીવન ધન્ય બની જાય. વર્ષોથી સ્વામિનારાયણ સંપ્રદાયનું આ ક્ષેત્રે વિશેષ યોગદાન રહ્યું છે. પંચવર્તમાને યુક્ત, નિયમ–ધર્મ પ્રમાણે વર્તી રહેલા સુશિક્ષિત સંતો જ્યારે આ યુવાવસ્થામાં હાથ પકડે છે ત્યારે યૌવન સોળે કળાએ ખીલી ઊઠે છે.

આજની યુવાપેઢીમાં સહનશીલતા, નીતિમત્તા, દયા–કરુણા–પ્રેમ જેવા ગુણોનો આવિર્ભાવ થાય એવા શુભ ઉદ્દેશથી તથા વ્હાલા ગુરુજીની આજ્ઞાથી જ્ઞાનસત્ર–૧૬ ઉપક્રમે સંધ્યા સેશનમાં **‘Let’s learn to walk’** થીમ ઉપર યુવા અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુજીની આજ્ઞા શિરે ચઢાવી



# Let's learn to walk

સૌ કોઈ પૂર્વતૈયારીમાં લાગ્યા હતા. અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રેરણાદાયી પાત્રો, સંવાદ, યુવક પ્રવચન, સ્વાગત નૃત્ય જેવા દશ્ય-શ્રાવ્ય પ્રોગ્રામો દ્વારા યુવાપેઢીમાં સંસ્કાર સિંચનનો ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**આગમન :**

તા. ૨૮-૧૦-૨૦૨૨ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું હરિકૃષ્ણ મહારાજ સંગે મુખ્ય સભામંડપમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત નૃત્ય ઉપરાંત વાજિંત્રો સાથે ઉપસ્થિત સૌ મુક્તોએ ગુરુજીના આગમનને વધાવી લીધું હતું. પ્રથમ દિનની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. જેમાં વ્હાલા ગુરુજી, વરિષ્ઠ સંતો તથા મહોત્સવના યજમાનશ્રીઓ જોડાયા હતા.






# ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રી દીક્ષિત ભવ્ય સંત સેના











### પ્રથમ દિન

આજનો દિન ‘તનની સેવા’ થીમ પર ઊજવવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન ડૉ. ચિંતનભાઈ દ્વિવેદીએ તાજેતરમાં જ જનહિતાર્થે **SMVS** હૉસ્પિટલ દ્વારા ખુલ્લી મૂકવામાં આવેલ કૅથલેબની અત્યાધુનિક સુવિધાઓથી સૌને માહિતગાર કર્યા હતા. પ્રોગ્રામની શરૂઆતમાં યુવકમુક્તો દ્વારા સંવાદ રજૂ કરવામાં આવ્યો તેમજ પ્રાસંગિક સંત પ્રવચનમાં સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. ભક્તવત્સલદાસજી સ્વામીએ ‘સેવાનું મહત્ત્વ’ વિષય પર લાભ આપ્યો હતો. ‘વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાંથી તનની સેવાની પ્રેરણા’ વિષય પર પૂ. નિર્માનસ્વામીએ સંત પ્રવચનનો લાભ આપ્યો હતો. દેશ-વિદેશમાં વસતા તનની સેવા કરનાર પ્રેરણાદાયી પાત્રોએ વ્હાલા ગુરુજીનું પૂજન કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. અંતિમ ચરણમાં વ્હાલા ગુરુજીએ ‘સ્વયં શ્રીજીમહારાજ તથા નંદસંતોએ કેવી આકરી તનની સેવા કરી છે !’ તેના પર વિશેષ દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. વળી, વ્હાલા ગુરુજીએ જ્ઞાનસત્ર-૧૬ દરમ્યાન વિશેષ સેવા કરનાર પૂ. સંતો તથા હરિભક્તો ઉપર તેમજ રસોડા વિભાગ, પાર્કિંગ વિભાગ, સલામતી વિભાગના મુક્તો ઉપર અંતરનો રાજીપો વરસાવી સૌને કૃતાર્થ કર્યા હતા.

## દ્વિતીય દિન

આજના દિનની ઉજવણી ‘નીતિમત્તા’ થીમ આધારિત કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂ. મૂર્તિસ્વામીએ સંસ્થા દ્વારા ચાલી રહેલ નિઃશુલ્ક શૈક્ષણિક સેવાયજ્ઞ તેમજ સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓ તથા આદિવાસી ઉત્કર્ષના કાર્યોનું સર્વે પ્રેક્ષકોએ વિડિયો દ્વારા નિદર્શન કર્યું હતું.

પ્રોગ્રામની શરૂઆત નીતિમત્તાના વિડિયો દ્વારા કરવામાં આવી. ત્યારબાદ સંત પ્રવચનમાં પૂ. વિવેકસ્વામીએ શ્રીજીમહારાજે બતાવેલ નીતિમત્તાના પાઠોનું વર્ણન કરી વિશેષ પ્રકાશ પાથર્યો હતો. આજના દિને દેશ-વિદેશમાં રહી નીતિમત્તાના મૂલ્યોને વળગી રહીને શ્રીજીમહારાજ તથા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હોય તેવા પાત્રોનું દર્શન પૂ. અદ્‌ભુતસ્વામીએ કરાવ્યું હતું. વળી, વ્હાલા ગુરુજીના જીવનમાંથી શીખવા મળતાં નીતિમત્તાના પાઠો દર્શાવતી વિડિયો ક્લિપ તથા ‘ઇન્સાન કી પહચાન’ ટેલિફિલ્મ પણ રજૂ કરવામાં આવી હતી. આજના દિને અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત માનનીય રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલે પોતાના વક્તવ્ય દરમ્યાન જણાવ્યું હતું કે, “નીતિમત્તાના પાઠો શીખવતું કોઈ અધિવેશન હોય અને એમાં મારી હાજરી હોય એવો મારા જીવનનો આ પ્રથમ અનુભવ છે.” તેઓએ મંચ ઉપરથી પ્રસ્તુત દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો નિહાળીને ગુરુજી પાસે આશીર્વાદ માગ્યા હતા કે, “ગુરુજી, મારા જીવનમાં મારે કોઈનો એક રૂપિયો પણ ન લેવો પડે અને નીતિમત્તાયુક્ત મારો કાર્યકાળ પૂરો કરી શકું એવા આશીર્વાદ આપજો.” આ પ્રસંગે ગુરુજીના રાજીપાના પાત્ર એવા રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કુબેરસિંહ ડીંડોર તથા મધુર ડેરીના ચૅરમૅન શ્રી શંકરસિંહ રાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામના અંતિમ ચરણમાં વ્હાલા ગુરુજીએ દિવ્યવાણીનો લાભ આપી નીતિમત્તાના પાઠો જીવનમાં વણી લેવા અંગે પ્રતિજ્ઞા લેવડાવી હતી.















રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ


રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કુબેરસિંહ ડીંડોર


### તૃતીય દિન

તૃતીય દિનની ઉજવણી ‘મોટાપુરુષ સાથે પ્રીતિ’ થીમ આધારિત કરવામાં આવી હતી. પ્રોગ્રામની શરૂઆતમાં સોશિયલ મિડિયાના માધ્યમથી સત્સંગમાં બળિયા થયા હોય તેવા પાત્રોના સ્વાનુભવ માણવા મળ્યા હતા. તેમજ મોટાપુરુષ સાથે હેત કર્યું હોય અને મહારાજે તેમની રક્ષા કરી હોય તેવા મુક્તોના સ્વાનુભવ મંચ ઉપરથી રજૂ થયા હતા. સંત પ્રવચન દરમ્યાન પૂ. પૂર્ણસ્વામીએ ‘મોટાપુરુષ સાથે પ્રીતિનું લક્ષણ કેવું હોય ?’ તે અંગે વિશેષ લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. તો વળી, પૂ. નિર્ગુણસ્વામીએ ‘મોટાપુરુષ થકી મળતા નિ:સ્વાર્થ પ્રેમ’ અંગે કથાવાર્તાનો લાભ આપી સૌને બળિયા કર્યા હતા. પ્રોગ્રામના અંતિમ ચરણમાં વ્હાલા ગુરુજીએ મોટાપુરુષ સાથે પ્રીતિ કરવા બાબતે ‘તમને ગમે તે અમને ગમે’ કીર્તન ઉપર દિવ્યવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

### ચતુર્થ દિન

આજના દિનની ઉજવણી ‘દયા અને કરુણા’ વિષય પર રાખવામાં આવી હતી. સંસ્થા દ્વારા સામાજિક કાર્યોના ભાગ રૂપે આજના દિને પંચવર્તમાને યુક્ત ભક્તિ ગૃહઉદ્યોગની વિશેષ માહિતી વિડિયો દ્વારા રજૂ કરવામાં આવી હતી. આજના દિને યુવાપેઢીમાંથી વિસરાઈ રહેલાં દયા અને કરુણાનાં મૂલ્યો રજૂ કરતી કડવી વાસ્તવિકતા વિડિયોના માધ્યમ દ્વારા

















પ્રસ્તુત કરવામાં આવી હતી. એસ.એમ.વી.એસ. દ્વારા ચાલતી અઠવાડિક બાળસભાઓમાં સિંચન કરાતા સંસ્કારોને સ્વજીવનમાં ઉતારીને સમાજમાં દાખલો બેસાડનાર બાળમુક્તના પ્રસંગને નિહાળી સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. આ પ્રસંગે સંત પ્રવચન દરમ્યાન પૂ. દિવ્યસ્વામીએ શ્રીજીમહારાજે, બાપાશ્રીએ તથા નંદસંતોએ વરસાવેલી કરુણા પર વિશેષ પ્રકાશ પાથર્યો હતો. SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ દ્વારા કોરોનાકાળ દરમ્યાન તેમજ હાલના સમયમાં પણ જ્યારે મોંઘવારી બાદ આવેલા ભાવવધારાની વાત કમિટી તરફથી ગુરુજીને જણાવવામાં આવતી ત્યારે ગુરુજીએ છેવાડાના વર્ગને ધ્યાનમાં રાખી દયા અને કરુણા દાખવી સ્પષ્ટપણે આ નિર્ણય ન લેવા જણાવ્યું હતું.

વ્હાલા ગુરુજીએ પણ શ્રીજીમહારાજે દર્શાવેલી દયા અને કરુણા તથા સ્વજીવનમાં કેવી દયા–કરુણા જોઈએ તેનો નૂતન કીર્તન નિરૂપણ દ્વારા વિશેષ લાભ આપ્યો હતો. તેમજ વર્તમાનકાળે યુવાપેઢીમાંથી વડીલો પ્રત્યેથી લુપ્ત થઈ રહેલા દયા અને કરુણાના ગુણોને જીવંત રાખવા માટેની ભલામણ કરી હતી. વળી, વ્હાલા ગુરુજીએ પ્રેરણાદાયી પાત્રોના ગુણાનુવાદ કરી તેમના પર રાજીપો વરસાવ્યો હતો. આ પ્રસંગે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ લઈ સૌ છૂટા પડ્યા હતા.

આ યુવા અધિવેશનમાં ઉપસ્થિત સૌ યુવાનો ભક્તજીવનમાં અતિ મહત્ત્વના ચાર ગુણો–મૂલ્યોને સ્વજીવનમાં ચરિતાર્થ કરવાની નેમ લઈને મહારાજ તથા મોટાપુરુષને રાજી કરવાના માર્ગે આગળ વધ્યા હતા. ચાર–દિવસીય યોજાયેલ યુવા અધિવેશનમાં લગભગ ૮૨,૬૯૩થી પણ વધુ યુવાનો પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.












# વ્હાલા યુવકોને શુભસંદેશ

Let's Learn to WALK
SMVS Youth Convention

૧. તનની સેવાથી અહમ્ ઓગળે અને નિર્માની થવાય, એમાંય નાની અને નીચી ગણાતી સેવાથી તો મહારાજ ખૂબ રાજી થાય છે, માટે એવું સેવાનું અંગ પાડીએ.

૨. પરિવારમાં માતા-પિતાની સેવા પણ ભગવાનની સેવા તુલ્ય છે, એમને ક્યારેય ન દુભવીએ. મહિમા સમજી એમનાં અંતરનો રાજીપો કમાઈએ.

૩. જીવનમાં ક્યારેય ખોટું ન બોલીએ કે ખોટું ન કરીએ, જે ક્રિયાથી સત્સંગને લાંછન લાગે એ જ અનીતિ કે અપ્રામાણિકતા. એનાથી અવશ્ય બચીએ. કોણ છીએ અને કોના છીએ એનો ખ્યાલ રાખી, સદાય મહારાજ ને મોટા રાજી થાય એવું જ કરીએ.

૪. 'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો...'
આપણા મહારાજ અને મોટાપુરુષ દયાના-કરુણાના સાગર છે. તો આપણા જીવનમાંય, કોઈ પણ વ્યક્તિ કે જીવ, પ્રાણીમાત્ર પ્રત્યે દયા ને કરુણા વરસવી જોઈએ. મન-કર્મ-વચને આપણાંથી કોઈની આંતરડી કકળે એવું ન જ કરીએ પણ, ઠરે તેવું કરીએ.

૫. મહારાજ-મોટાપુરુષ-સંતો-ભક્તો 'મારા છે! સાચાં સગાં છે. એવા દિવ્યભાવે એમની સાથે હેત-પ્રીત ને મમત્વ કરીએ.

વ્હાલા મુક્તો, આટલું રોજ વાંચી, અમલમાં મૂકજો. અમે ખૂબ રાજી થઈશું.

એ જ. સદાય આપનાજ
સાધુ સત્યસંકલ્પદાસના જય સ્વામિનારાયણ.

સમગ્ર યુવા અધિવેશનમાં વ્હાલા ગુરુજીએ જણાવેલ સંકલ્પોની સૌ યુવાનોના જીવનમાં દૃઢતા થાય તેવા આગ્રહથી વ્હાલા ગુરુજીએ રાત્રે સાડા બાર વાગે જાગી પોતાના વ્હાલસોયા દીકરાઓ સમ યુવાનો માટે સંદેશ લખ્યો. જે સૌ યુવાનોને જ્ઞાનસત્રના અંતિમ દિને ભલામણ રૂપે આપવામાં આવ્યો હતો.

# મહિલા વિભાગ







જ્ઞાનસત્ર ૧૬માં  પૂ. ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં મહિલા સભામંડપને વિષે તમામ સેશનમાં કથાવાર્તામાં મહિલા સમાજે રસતરબોળ થઈ લાભ લીધો હતો. સમગ્ર જ્ઞાનસત્રમાં યોજાતી બાલિકા સભામાં બાલિકાઓએ તથા યુવતી સભામાં યુવતીઓએ મોટી સંખ્યામાં લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલેન્ડ ખાતે સત્સંગ વિચરણ

**"કારણ સત્સંગના વિજયીવાવટા, વિશ્વફલક પર લહેરાય છે..."**

કોરોનાની મહામારી બાદ મહિલા સમાજને રાજીપાના રાજમાર્ગ પર દોડાવવા તથા સત્સંગનું અનેરું બળ પ્રદાન કરવા માટે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ યોજાયું.

તા. ૩૦-૮-૨૦૨૨ના રોજ મહિલા વિંગના વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. દીપલબેન સાથે પૂ. કુંદનબેન, પૂ. રુચિબેન તથા પૂ. સંગીતાબેન વિદેશ વિચરણ અર્થે પધાર્યાં. સાથે સાથે હરિભક્તોમાં પ.ભ. કાનનબેન શાહ, પ.ભ. વર્ષાબેન પટેલ તથા પ.ભ. ધર્મિષ્ઠાબેન પટેલ પણ સેવા તથા સમાગમનો લાભ લેવા માટે જોડાયાં હતાં. ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેન, સિડની, મેલબોર્ન, એડીલેટ, ઓબરી તથા ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડ ખાતે વિચરણ યોજાયું હતું.

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ચાર વર્ષ બાદ પૂ. ત્યાગી મહિલામુક્તોનો પ્રત્યક્ષ લાભ મળનાર હોઈ સૌ મહિલા ભક્તોના હૈયે અતિશે આનંદ હતો. તા. ૩૧-૮-૨૦૨૨ના રોજ બ્રિસ્બેનના એરપોર્ટ પર સૌએ વ્હાલા હરિકૃષ્ણ મહાપ્રભુ તથા પૂ. મુક્તોનું પુષ્પહારથી ભાવભીનું સ્વાગત કર્યું.

તા. ૩૧-૮-૨૦૨૨થી તા. ૧૧-૯-૨૦૨૨ તથા તા. ૨૦-૧૦-૨૦૨૨થી તા. ૨૨-૧૦-૨૦૨૨ એમ કુલ ૧૫ દિવસનું બ્રિસ્બેન ખાતે સત્સંગ વિચરણ યોજાયું. તા. ૧૩-૯-૨૦૨૨થી તા. ૨૨-૯-૨૦૨૨ એમ કુલ ૧૦ દિવસનું સિડની ખાતે વિચરણ યોજાયું. તેવી જ રીતે તા. ૨૪-૯-૨૦૨૨થી તા. ૭-૧૦-૨૦૨૨ કુલ ૧૪ દિવસનું મેલબોર્ન ખાતે વિચરણ














આયોજન થયું હતું. વળી, તા. ૮-૧૦-૨૦૨૨થી તા. ૧૨-૧૦-૨૦૨૨ કુલ ૫ દિવસ એડીલેટ ખાતે અને તા. ૧૪-૧૦-૨૦૨૨થી તા. ૧૯-૧૦-૨૦૨૨ કુલ ૬ દિવસ ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડ ખાતે પૂ. ત્યાગી મહિલામુક્તોનું સત્સંગ વિચરણ ગોઠવાયું હતું.

દરેક સેન્ટરમાં રોજેરોજના વિવિધ પ્રોગ્રામો જેવા કે પ્રાતઃ સભા, સાંજની સભા, અંગત સભા, કિશોરી સભા, બાલિકા સભા, SBS સભા, કીર્તન આરાધના, સમૂહપૂજા, મહાપૂજા, અંગત બેઠક તથા પધરામણી યોજાયા. વળી, એક-દિવસીય મહિલા શિબિર તથા એક-દિવસીય પિકનિક દ્વારા મહિલા સમાજ ખૂબ જ મહાત્મ્યસભર તથા આત્મીયસભર બન્યો હતો. મંદિર ખાતે જાહેર સભામાં ભક્તિયાત્રાનું આયોજન થયું. જેનાથી મહિલા સમાજમાં મહારાજમાં પ્રેમલક્ષણા ભક્તિ વધુ દૃઢ થઈ. બ્રિસ્બેન, સિડની, મેલબોર્નમાં બાલિકામુક્તો માટે બાલિકા રમતોત્સવનું આયોજન થયું. જેમાં બાલિકામુક્તોને પૂ. ત્યાગીમુક્તો દ્વારા ગમ્મત સાથે સત્સંગનું દિવ્ય જ્ઞાન પીરસાયું. આ ઉપરાંત સંચાલક-કાર્યકર શિબિર, અગ્રેસર ટ્રેનિંગ, PR ટ્રેનિંગ અને મિટિંગો દ્વારા કાર્યકર વર્ગને સેવા અંગે વિશેષ બળ મળ્યું. આદર્શ પ્રૉજેક્ટ સભા તથા અંગત બેઠકો દ્વારા મહિલા સમાજને આધ્યાત્મિકતા તરફ પ્રયાણ કરવાનું અનેરું બળ સાંપડ્યું તથા પૂ. ત્યાગી મહિલામુક્તોની નિકટ આવ્યાં. વળી, તા. ૭-૯-૨૦૨૨ના રોજ બ્રિસ્બેન ખાતે જળઝીલણી ઉત્સવનો પ્રોગ્રામ યોજાયો. જેમાં સૌ મુક્તો વ્હાલા હરિકૃષ્ણ મહારાજના દિવ્ય અભિષેકનો લાભ લઈ સુખિયા થયા હતા. તા. ૨૩-૧૦-૨૦૨૨ના રોજ પૂ. ત્યાગી મહિલામુક્તો વિચરણ પૂર્ણ કરી ઈન્ડિયા પરત પધાર્યાં.

આમ, ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડના ૫૫ દિવસના વિચરણ દરમ્યાન ૨૭ પ્રાતઃ સભા, ૨૫ સંધ્યા સભા, ૯ જાહેર સભા, ૨૦ અંગત સભા તથા કિશોરી સભા, ૧૩ બાલિકા સભા, ૩ બાલિકા રમતોત્સવ, SBS સભા, ૫ સમૂહપૂજા, મહાપૂજા, ૫ અભિષેક ઉત્સવ, ૫ મહિલા શિબિર, ૫ પિકનિક, ૪ સંચાલક-કાર્યકર શિબિર, ૪ અગ્રેસર ટ્રેનિંગ, ૫ આદર્શ પ્રૉજેક્ટ સભા, ૧૯૮ પધરામણી, ૧૨૫ અંગત બેઠકના બળભર્યા લાભ દ્વારા ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડના સમગ્ર મહિલા સમાજમાં કારણ સત્સંગના ખૂંટ ખોડાયા.

## પ્રિ-મુમુક્ષુ કેમ્પ

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખની યાત્રાલક્ષી આદર્શ યુવા પ્રૉજેક્ટ અન્વયે તા. ૨૮-૧૦-૨૦૨૨થી તા. ૬-૧૧-૨૦૨૨ એમ દસ-દિવસીય પ્રિ-મુમુક્ષુ કેમ્પ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાઈ ગયો. જેમાં પ્રથમ ચાર દિવસ જ્ઞાનસત્રમાં જ સમન્વિત કરવામાં આવ્યા હતા. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ખૂબ પરભાવની, રસબસની અને અનાદિમુક્તની સ્થિતિની છેલ્લી વાતો કરીને સૌ મુક્તોને પરભાવમાં સુખિયા કર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો કાયમી આગ્રહ છે કે વાત વર્તનમાં આવવી જોઈએ. આ માટે વાતને વારંવાર સાંભળી મનન-ચિંતન કરી અંતરમાં ઉતારવી પડે. આ આગ્રહને અનુલક્ષીને જ્ઞાનસત્ર દરમ્યાન ગુરુજીએ જે જે આગ્રહો અને આદર્શો વહાવ્યા તેની સ્વજીવનમાં દૃઢતા માટે આ કેમ્પમાં સર્વે હરિભક્તોને વિશેષ એકાંતનો સમય આપવામાં આવ્યો હતો. આ માટે હરિભક્તોનાં બે ગ્રૂપ કરવામાં આવ્યાં હતાં. જેમાં એક ગ્રૂપ સ્વામિનારાયણ ધામ પર અને બીજું ગ્રૂપ સહજ ફાર્મમાં રાખવામાં આવ્યું હતું. જેમાં આખો દિન પ્રતિલોમભાવ વધુ દૃઢ થાય તે માટે શ્રવણ, મનન, એકાંત, પ્રતિલોમયાત્રા વગેરેનો ખૂબ ખૂબ લાભ મેળવીને આશરે ૩૪૮થી પણ વધુ હરિભક્તો કૃતાર્થ થયા હતા.

## એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા શૈક્ષણિક સહાય

બાળકો સમાજનું અને દેશનું ભવિષ્ય છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અતિ દયાળુ સ્વરૂપ છે. તેઓની આજ્ઞાથી એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા દર વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં સંસ્થાની શાળા, ગુરુકુલ અને દિગ્વિજય મંડળના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવામાં આવી છે જેમાં માધ્યમિક કક્ષાના ૨૨થી વધુ વિદ્યાર્થીઓને ૩,૨૮,૨૧૮ રૂપિયાની, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ૨૫૮થી વધુ વિદ્યાર્થીઓને ૮૧,૦૬,૬૨૦ રૂપિયાની તથા સ્નાતક કક્ષાના ૨૮થી વધુ વિદ્યાર્થીઓને ૧૬,૮૫,૮૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી છે. આમ, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા કુલ ૧,૦૧,૨૦,૬૩૮થી વધુ રૂપિયાની આર્થિક સહાયથી ૩૦૮થી વધુ વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જ્વળ કારકિર્દીની તક પામ્યા હતા.

## સંસ્થાનું ગૌરવ વધારનાર મુક્તોને અભિનંદન



### બિપીનચંદ્ર રમેશભાઈ પટેલ - છાયણ (સંતરામપુર)

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના છાયણ ગામના વતની ચિત્રકાર અને કલાસાધક એવા બિપીનભાઈ પટેલે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ હાંસલ કરી છે. ૬ વર્ષ પહેલાં તા. ૧૭-૫-૨૦૧૬ના રોજ તેઓએ પોતાની એક અનોખી કલાયાત્રાની શરૂઆત કરી. તેઓએ દરરોજ એક વૉટર કલર પેઇન્ટિંગ બનાવવાની નેમ લઈ કલાસાધનાનો આરંભ કર્યો. પોતે બરોડા યુનિવર્સિટીમાંથી ફાઇન આર્ટ્સમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. ઐતિહાસિક સ્થળો, ગ્રામ્યજીવન, ધબકતું શહેર, જનજાગૃતિ સંદેશ આપતા અસંખ્ય ચિત્રોનું તેઓએ સર્જન કર્યું છે. આજે તેઓએ આરંભેલી આ કલાસાધનાએ તેઓને અનોખા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. જ્યારે તેઓએ ૧૦૦૦ દિવસમાં ૧૦૦૦ પેઇન્ટિંગ પૂરાં કર્યાં ત્યારે તેઓને ઇન્ડિયા વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું હતું. ઉપરાંત, ૧૫૦૦ દિવસમાં ૧૫૦૦ પેઇન્ટિંગ પૂર્ણ કર્યાં ત્યારે પણ તેઓએ ફરી વાર આ રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તાજેતરમાં જ ૨૩૦૦ દિવસમાં ૨૩૦૦ પેઇન્ટિંગ પૂર્ણ કરવા બદલ તેઓને વર્લ્ડ ગ્રેટેસ્ટ રેકર્ડમાં સ્થાન મળ્યું છે. જે બદલ કલેક્ટર શ્રી ડૉ. મનીષકુમારના હસ્તે તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેઓએ પાટણ ખાતે યુનેસ્કો દ્વારા આયોજિત હેરિટેજ રાણકી વાવ લાઇવ પેઇન્ટિંગ સ્પર્ધામાં સળંગ ચાર ઍવૉર્ડ મેળવેલ છે. તેઓ દ્વારા ચાલી રહેલ કલાસાધનાથી તેઓએ સંસ્થાનું, ગુજરાતનું તથા દેશનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ તેમની ઉજ્જ્વળ કારકિર્દીમાં યશકલગી ઉમેરતા રહે.



### ધર્મેશકુમાર જયંતિભાઈ પંચાલ - ઘનશ્યામનગર

ઘનશ્યામનગર સેન્ટરના કિશોરમુક્ત ધર્મેશભાઈએ તાજેતરમાં કાઠમાંડુ (નેપાળ) ખાતે યોજાયેલ ઇન્ટરનૅશનલ વાડો-કાઈ કરાટે ચૅમ્પિયનશીપમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું તથા દેશનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ તેમની કારકિર્દીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા રહે.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**




**મૂ.નિ. હિતેષભાઈ હીરાભાઈ પ્રજાપતિ, ઉંમર વર્ષ-૪૬, ગોધરા; તા. ૨૬-૯-૨૨ :** ગોધરા સેન્ટરના ઘરધણી મુક્ત હિતેષભાઈ હીરાભાઈ પ્રજાપતિ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ છેલ્લા આઠ વર્ષથી સત્સંગમાં જોડાયા હતા. રસોડા વિભાગમાં નાની-મોટી સેવા તેઓ ઘરધણી થઈને કરતા. તેઓનો શાંત-સરળ સ્વભાવ તેમજ મહાત્મ્યસભર જીવન, પરભાવના માર્ગે-સ્થિતિના માર્ગે ચાલવાનો આગ્રહ તેમજ નિર્માનીપણાનો વિશેષ ગુણ સૌ કોઈ માટે પ્રેરણારૂપ હતો. તેમના આવા વર્તનશીલ જીવનને કારણે તેઓ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તેમજ પૂ. સંતોના અંતરનો ખૂબ રાજીપો કમાયા હતા.
મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેમના દીકરા સ્મિત મહારાજ તથા સમગ્ર પરિવારને ખૂબ બળ આપે.

**મૂ.નિ. ગોવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૫, નરોડા; તા. ૧૭-૧૦-૨૨ :** નરોડા સેન્ટરમાં યુવક મંડળના સંચાલક તરીકે સેવા બજાવતા નિમેષભાઈના પિતાશ્રી ગોવિંદભાઈ પટેલ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે.

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

એસ.એમ.વી.એસ.ના વિવિધ સેન્ટરોમાં ઊજવાયેલ


# ચાતુર્માસ પારાયણ



‘કથાવાર્તા વિના રૂડા ગુણ આવે નહીં.’

સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપનાથી લઈ અત્યાર સુધી સેવા અને સમાગમને (કથાવાર્તાને) વિશેષ પ્રાધાન્ય અપાતું રહ્યું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ વર્ષો સુધી નિરંતર કથાવાર્તાના અખાડા ચલાવ્યા છે. વર્તમાનકાળે વ્હાલા ગુરુજી તથા પૂ. સંતો રાત–દિવસ જોયા વિના સતત વિચરણ કરીને કથાવાર્તાના અખાડા ચલાવી એ જ પરંપરાને ચિરંજીવ રાખી રહ્યા છે.

પવિત્ર ચાતુર્માસ દરમ્યાન એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ–વિદેશમાં પથરાયેલા વિવિધ મંદિરો, કેન્દ્રો તથા મંડળોમાં ગુરુજીના આદેશથી પૂ. સંતોએ આ ચાતુર્માસ નિમિત્તે પારાયણો તથા સત્સંગ સભાઓ યોજીને જીવન ઉપયોગી અનેકવિધ વિષયો પર કથાવાર્તાનો લાભ આપી સમગ્ર સત્સંગ સમાજને મહિમા આકારે કર્યો હતો. સંસ્થાના તમામ ઝોનમાં કુલ ૨૩૩ કરતાં પણ વધુ પારાયણો યોજાઈ. જેમાં ૧,૦૫,૩૦૨ કરતાં પણ વધુ હરિભક્તો કથાવાર્તાનો લાભ લઈ સત્સંગ અને મહિમાથી હર્યાભર્યા થયા હતા.



















| ઝોન | પારાયણના કુલ દિવસ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૫૨ | ૩૧,૩૮૦ |
| વડોદરા | ૧૫ | ૯૭૨૦ |
| મહેસાણા | ૨૫ | ૧૨,૫૦૮ |
| ગોધર | ૧૫ | ૭૧૩૭ |
| ગોધરા | ૨૨ | ૫૮૦૨ |
| સૌરાષ્ટ્ર-૧ | ૧૭ | ૩૧૫૬ |
| સૌરાષ્ટ્ર-૨ | ૨૩ | ૬૦૫૨ |
| મોરબી | ૯ | ૩૭૫૩ |
| સુરત-મુંબઈ | ૨૫ | ૧૫,૬૪૩ |
| ગાંધીનગર | ૧૬ | ૬૬૫૭ |
| હિંમતનગર | ૧૪ | ૩૪૯૪ |
| **ટોટલ** | **૨૩૩** | **૧,૦૫,૩૦૨** |

એસ.એમ.વી.એસ.ના વિવિધ સેન્ટરોમાં ઊજવાયેલ


# અન્નકૂટોત્સવ























SMVSનું સિદ્ધાંત સૂત્ર
સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન
ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિ
એ જ કારણ સત્સંગ





# પૂ. સંતોનું યુ.એસ.એ. તથા કૅનેડા ખાતે
# સત્સંગ વિચરણ



ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યના છ હેતુ પૈકીનો એક હેતુ બ્રહ્માંડના અનંત જીવોને પોતાની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી આત્યંતિક કલ્યાણ કરવાનો હતો અને છે. શ્રીજીમહારાજના આ સંકલ્પોને સાકાર કરવાની જહેમત મોટાપુરુષો અને સંતોએ હાથ ધરી છે.

આ વર્ષે પણ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ. તથા કૅનેડા ખાતે સત્સંગ વિચરણ યોજાયું. પૂ. સંતોનું પ્રથમ મંડળ તા. ૨૪ મે, ૨૦૨૨ના રોજ યુ.એસ.એ. વિચરણ માટે રવાના થયું. જેમાં પૂ. દર્શનસ્વામી, પૂ. વિનમ્રસ્વામી અને હરિભક્તોમાં પ.ભ. મોહનભાઈ પટેલ તથા શ્રી રસિકભાઈ પટેલ જોડાયા હતા. એ જ રીતે તા. ૧૬ ઑગસ્ટ ને મંગળવારના રોજ પૂ. સંતોનું દ્વિતીય મંડળ પણ અમેરિકા ખાતે આવી પહોંચ્યું. જેમાં પૂ. ધરમસ્વામી, પૂ. નિર્દોષસ્વામી (પૂ. મોટાસ્વામી) તથા પૂ. સ્મરણસ્વામી અને હરિભક્તમાં પ.ભ. શ્રી કલ્પેશભાઈ પ્રજાપતિ જોડાયા હતા.

આ સંત મંડળોએ ચેરીહિલ, એડિસન, બોસ્ટન, જર્સીસિટી, ઍટલાન્ટા, શિકાગો, સાન ફ્રાન્સિસ્કો વગેરે શહેરોમાં તથા નોર્થ કૅરોલીના, સાઉથ કૅરોલીના, ઇંડિયાના, ઓહાયો, મિશિગન, કેન્ટકી, ટેનિસી, ફ્લૉરિડા, મેરીલૅન્ડ, ટેક્સાસ, કૅલિફૉર્નિયા, ન્યૂયૉર્ક, વર્જિનિયા તથા પેન્સિલ્વેનિયા જેવા રાજ્યોમાં વિચરણ કરી હરિભક્તોને મહારાજ

અને મોટાપુરુષના મહિમા આકારે કરી દર્શન–આશીર્વાદ–સમાગમનો મહિમા દૃઢ કરાવ્યો હતો. ત્યારબાદ કૅનેડા ખાતે ટોરન્ટો, કેલેડોન, રિજાઇના, સૅસ્કેટૂન, એડમંટન, કૅલ્ગીરી વગેરે જેવા વિસ્તારોમાં વિચરણ પૂર્ણ કરી આ સંત મંડળો અંતમાં જર્સીસિટી ખાતે અંતિમ સભામાં સૌને સ્નેહભર્યાં વચનો સંબોધી ઇન્ડિયા ખાતે આવવા માટે રવાના થયાં હતાં.

આ વિચરણ દરમ્યાન ૪ ગુરુપૂર્ણિમા, ૫ રક્ષાબંધન સમૈયા, ૫ પાટોત્સવ, ૭ સત્સંગ શિબિરો, ૪ ક્રિયાશુદ્ધિ શિબિર, ૧૫ બાળ–કિશોર સભાઓ, ૫ સ્ટાફ સભા, ૧૭૨ પ્રાતઃ સભાઓ, ૬૭ સંધ્યા સભાઓ, ૭ બાળ સંમેલન, ૫ કિશોર સંમેલન, ૫ રાજીપા સભા, ૭ અગ્રેસર સભા, ૧૫ જાહેર સભા તથા કિશોરો–યુવાનો સાથે ૫ પિકનિક, ૭ સત્સંગ પારાયણ, ૩ જનોઈ સમૈયા, ૫ ગુરુવંદના કાર્યક્રમ, ૪ દિવાળી–ચોપડાપૂજન, ૯ અન્નકૂટોત્સવ, ૭ નૂતન વર્ષ આશીર્વાદ સભા, ૭ ભક્તિયાત્રા, ૪૫ મહાપૂજાઓ, ૫૧૫ પધરામણીઓ, ૧૧ અંગત શિબિર તથા ૧૮૫ અંગત બેઠકો જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા આ બંને સંત મંડળોએ બાળકો–કિશોરો–યુવાનોને સત્સંગનાં આધ્યાત્મિક તથા વ્યવહારિક જીવનનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં. વળી, ગુરુજી સાથેનો નિકટતમ લાભ અપાવી દિવ્યભાવ અને મહિમાના તથા સંસ્થા પ્રત્યેની અસ્મિતાના પાઠ શીખવ્યા હતા.

અંતમાં તા. ૧૫ નવેમ્બર ને મંગળવારના રોજ સંધ્યા વેળાએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. દર્શનસ્વામીના મંડળે ઇન્ડિયા જવા માટે પ્રસ્થાન કર્યું. તે જ રીતે તા. ૨૫ નવેમ્બર ને શુક્રવારના રોજ પૂ. ધરમસ્વામીનું મંડળ પણ ઇન્ડિયા આવવા માટે રવાના થયું. આમ, સળંગ કુલ ૫ મહિનાના પૂ. સંતોના નોર્થ અમેરિકા ખાતેના વિચરણ બાદ ભાવિક ભક્તોએ ભારે હૃદયે આ સંત મંડળોને વિદાય આપી હતી.









# સેટેલાઇટ ખાતે દિવ્ય પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ







તા. ૯–૧૦–૨૦૨૨ ને રવિવારના રોજ સાંજે ૩:૩૦થી ૯:૦૦ દરમ્યાન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સેટેલાઇટ ખાતે દિવ્ય પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવવામાં આવ્યો હતો. શ્રીજીમહારાજને અતિ વ્હાલી એવી કીર્તનભક્તિ દ્વારા આ ઉત્સવની શરૂઆત થઈ હતી. યજમાનશ્રીના ઘરેથી બૅન્ડવાજાં, બગી તથા પાલખીયાત્રા તેમજ ડી.જે.ના તાલ સાથે પાલખીમાં બિરાજિત મહાપ્રભુની દિવ્ય છાબયાત્રા નીકળી હતી. સૌનાય વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું આગમન થયું અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિનો આરંભ થયો હતો.

મહાપ્રભુને રાજી કરવા ઉપસ્થિત સૌ યજમાન મુક્તોએ મહાયાગનો લાભ લીધો હતો. શ્રીફળનું અર્ઘ્ય અર્પીને વ્હાલા ગુરુજીએ ગદ્‌ગદભાવે મહાપ્રભુને દર્શન આપવા પધારવા માટે પ્રાર્થના કરી હતી. નૂતન વસ્ત્ર–અલંકારે શોભિત દિવ્ય નયનરમ્ય મૂર્તિનાં દર્શન થતાં જ સભામંડપ ‘જય હો જયજયકાર હો’ના જયઘોષથી ગુંજી ઊઠ્યો હતો.

વ્હાલા ગુરુજીએ સૌની ઉપર પુષ્પવર્ષા કરી આનંદ–ઉત્સવનો લાભ આપી સૌને મૂર્તિના સુખમાં ગરકાવ કર્યા હતા. ત્યારબાદ ગુરુજીએ આર્તનાદે પ્રાર્થનાનો લાભ આપી સૌને મહાપ્રભુની કરુણામાં ઓતપ્રોત કર્યા હતા. ઉપસ્થિત સૌ સંતો–ભક્તો તથા યજમાનો રાજોપચાર વિધિનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.

આજના દિને નૂતન સિંહાસન મધ્યે મહાપ્રભુની દિવ્ય મૂર્તિ પધરાવવામાં આવી હતી. સાથે સાથે જીવનપ્રાણ બાપાશ્રી તથા દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢી સંગે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય મૂર્તિ પણ સિંહાસનમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા વિધિ બાદ પૂ. રાજીપાસ્વામીએ પ્રાસંગિક પ્રવચન દરમ્યાન ‘મંદિરનું મહત્ત્વ’ વિષય પર લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. વળી, વ્હાલા ગુરુજીએ પણ બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ વિડિયો દ્વારા રૂડા આશીર્વાદનો લાભ આપ્યો હતો. આજના દિને મહાપ્રભુને રીઝવવા માટે અન્નકૂટ પણ ભરવામાં આવ્યો હતો. આમ, ૯૫૦ કરતાં પણ વધુ હરિભક્તો આ દિવ્ય પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના સાક્ષી બન્યા હતા.







# ઘનશ્યામ મેગેઝીન હવે ડિઝીટલ સ્વરૂપે

'ઘનશ્યામ' એટલે... શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...

- શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનનો ખજાનો.
- જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.
- વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.
- દિવ્યજીવનના રાહ પર ચલાવનાર અને દોડાવનાર.

**ઘનશ્યામ MP3 Audio**

ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.

www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**

ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.

www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**

ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.

www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...

આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...

## જ્ઞાનસત્ર–૧૬ અન્વયે યોજાયેલ

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

# BLOOD DONATION

Life





: ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ :

**“આ બ્લડ જેને જેને આપવામાં આવશે તેનો ભગવાન સ્વામિનારાયણ આત્યંતિક મોક્ષ કરશે.”**


Blood is Life


**સંતો-ભક્તોએ કરેલ રક્તદાન**

**૬૯૩**

**બોટલથી વધુ**















(૧-૪) સ્વામિનારાયણ ધામ તથા નરોડા ખાતે અનુક્રમે ચોપડા પૂજન તથા અન્નકૂટ નિમિત્તે આરતી તથા આશીર્વાદ સભામાં લાભ આપતા ગુરુજી

Ghanshyam, December-2022. Published on 10-12-2022. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.





નૂતન વર્ષે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે અનાદિમુક્ત પીઠિકા દર્શનનો લાભ લેતા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તથા સંત મંડળ